૭૦૧ / ૧,૪૨૫

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૭ જૂન, ૨૦૦૭)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન.૧ નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. ગ. પ્ર. ૬૦ પ્રમાણે વાસના ટાળ્યાનો ઉપાય.
૨. જે ભક્તને એ ચારે ગુણ અતિશય દૃઢપણે વર્તે છે, તે ભક્તને સર્વસાધન પૂર્ણ થયા અને એને જ એકાંતિક ભક્ત જાણવો.
૩. યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી । યસ્યાં જાગર્તિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ।।
૪. પંચામૃત ભોજનમાં ધૂળનું દૃષ્ટાંત અને સિદ્ધાંત
૫. જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તો પણ અમને ગમે છે.

**પ્રશ્ન.૨. નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. ભગવાન તે જીવોના કલ્યાણને ....... નિવૃત્તિ થઈ કહેવાય.
૨. માટે આપણા સત્સંગી ........ એકાંતિક ભક્તિ કરવી.
૩. ભગવાન જીવના ....... એવી રીતે વાર્તા કરવી.
૪. મનોમય ચક્ર ........ તે ઠેકાણે જાણવું.
૫. જ્ઞાન, ભકિત, વૈરાગ્યદિક ....... અતિ મોટા જાણવા.

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. દસ ઇન્દ્રિયો ૨. નિયમ

## વિભાગ - ૨ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (ગુણ ૫)

૧. મહારાજ સર્વોપરી છે એવું કયા વચનામૃતમાં છે ?
૨. બાવના ચંદનને ઠેકાણે શું છે ?
૩. સ્વરૂપાનંદ સ્વામી કેવી રીતે ક્રિયા કરતા ?
૪. મચ્છરીયું ગરુડની ગતિ કેમ કરે છે ?
૫. કયાં પાટ્યું ખાધા જેવું શું છે ?

**પ્રશ્ન.૫. કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. શ્રીજીમહારાજે પૃથ્વી પર ...................... રોપ્યા છે. (પાંચ લીંબડા, પાંચ આંબા, પાંચ પગ)
૨. સત્સંગમાં એમ વાત થાય છે જે જીવ ...................... થઈ જાય. (ઈશ્વરરૂપ, ભગવતરૂપ, બ્રહ્મરૂપ)
૩. જેને મહારાજને વિષે અને આ મોટા સંતને વિશે .................... પ્રીતિ હોય તે સત્સંગ જાળવે.
(દિવ્યભાવે સહિત, માહાત્મ્યજ્ઞાને સહિત, આત્મનિષ્ઠાએ સહિત)
૪. શ્રીજીમહારાજ જીવનો ઉદ્ધાર કરવા ...................... લઈને આવ્યા છે. (વહાણો, જહાજ, મનવારો)
૫. ખરેખરા ભગવાનના સાધુ હોય તેમનો સંગ રાખવો તો તેની ઉપર ભગવાન ને
મોટા સાધુ ...................... રાજી રહે છે. (કાયમ, નિરંતર, દરરોજ)

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. સંબંધનો મહિમા ૨. સો કરોડ મણ ઢૂંસા લઈને કમાણી કરીએ તેવો સંકલ્પ થાય છે ?
૩. સ્વામીની વાતોમાં પુરુષોત્તમનો મહિમા

## વિભાગ - ૩ : 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે

**પ્રશ્ન.૭. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભગતજીનું દિવ્ય વ્યક્તિત્વ
૨. જૂનાગઢમાં ભગતજી અને જાગા સ્વામીની જ્ઞાનગોષ્ઠી
૩. ભગતજીની સાધનાનું કેન્દ્રબિંદુ સત્પુરુષ

**પ્રશ્ન.૮. નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભગતજી મહારાજના પત્રો
૨. શુકમુનિ અને પવિત્રાનંદ સ્વામી પર ભગતજીનો પ્રભાવ
૩. ભગતજીએ નડિયાદમાં બતાવેલ પ્રૌઢ પ્રતાપ
૪. ભગતજીને સ્વામીશ્રીના ત્રણ વરદાન

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૦૭ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૭ જૂન, ૨૦૦૭; પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૧(૧); માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

૭૦૧

પરીક્ષાર્થીની અટક :- 
પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :- 
પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :- 
બેઠક ક્રમાંક :- 
પરીક્ષા સ્થળનું નામ :- 
કેન્દ્ર નંબર :-
પરીક્ષાર્થીની સહી :- 
કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**